આઈ.આઈ.ટી ગાંધીનગર તથા ડિફેન્સ યુનિકોર્ન દ્વારા સંરક્ષણ ક્ષેત્રે જાગૃતિક વેબીનાર થકી આર્મી દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૬

તાજેતરમાં જ દેશભરમાં આર્મી દિવસની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી.એ જ અનુસંધાનમાં આઈ.આઈ.ટી ગાંધીનગર તથા ગાંધીનગર સ્થિત ડિફેન્સ યુનિકોર્ન સંસ્થાએ પણ સંયુક્ત રીતે આ દિવસની ઉજવણી વિદ્યાર્થીઓ સાથે માહિતીસભર વેબીનાર થકી કરી હતી. આ વેજબીનારમાં આઈ.આઈ.ટી ગાંધીનરના વિદ્યાર્થીઓને સંરક્ષણ ક્ષેત્રે આગળ વધવાના એકાધિક વિકલ્પો વિષે માહિતી આપી હતી.ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમ ઓનલાઈન એટલે કે વેબીનાર દ્વારા સંબોધવામાં આવેલ જેમાં વિદ્યાર્થીઓને સંરક્ષણ ક્ષેત્રે કારકિર્દી તથા સંરક્ષણની વિવિધ પ્રવૃતિઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ડિફેન્સ યુનિકોર્ન દ્વારા મુખ્ય વક્તા તરીકે જાણીતા કરિયર એક્સપર્ટ શ્રી હાર્દિક પરિખ તથા કર્નલ આર. રંજન સરને નિમંત્રિત કરવામાં આવેલ હતા. તેઓ એ દરેક વિદ્યાર્થીઓને સંરક્ષણ ક્ષેત્ર તથા તેના વિવધ આયામો વિષે વિગતવાર માહિતી આપી હતી.આ કાર્યક્રમની રસપ્રદ વાત એ રહી હતી કે વેબિનારમાં સંરક્ષણ ક્ષેત્રે રેગ્યુલર ભરતી સિવાય વિવિધ ટેકનિકલ એન્ટ્રીની પણ વાત કરી હતી જે ફક્ત અને ફક્ત તકનીકી ક્ષેત્રના વિધાર્થીઓ માટે ફાળવવામાં આવે છે. શ્રી હાર્દિક પરિખે આ કાર્યક્રમના અનુસંધાનમાં વાત કરતાં કહ્યું હતું કે આજના એન્જીનિયરીંગ કરી રહેલા અથવા એન્જીનિયરીંગ પૂરું કરેલ વિધાર્થીઓ રોજગારના વિકલ્પો ન મળતા ચીલાચાલુ કારકિર્દી પસંદ કરતાં જોવા મળે છે.

આ સંજોગોમાં જો એમના પાસે આ પ્રકારની માહિતી પહોચડવામાં આવે તો ચોક્કસ એ કારકિર્દીનો નવો વિકલ્પ વિચારી શકે છે જે એમના માટે ખૂજ જ ઉપયોગી સાબિત થશે.ગાંધીનગર સ્થિત ડિફેન્સ યુનિકોર્નના વડા હિતેન્દ્રસિંહના જણાવ્યા અનુસાર આ કાર્યક્રમ યોજવા પાછળના હેતુ આજના વિદ્યાર્થીઓના મસ્તિષ્કમાં આપણા દેશ વિશેની સમજ અને દેશભક્તિ વધુ સુદૃઢ બને એ તો હતો જ પણ એક બીજો વિચાર એ પણ હતો કે આ કાર્યક્રમ થકી અમે વધુ માં વધુ વિધાર્થીઓને ના ફક્ત સંરક્ષણ ક્ષેત્રના વિવિધ આયામો વિશે માહિતગાર કરીએ પણ એમને આ ક્ષેત્રમાં પ્રવેશ કરવાનો ઉચિત રસ્તો બતાવીએ.આજનો યુવાન સંરક્ષણ ક્ષેત્રને એક કારકિર્દી રૂપે વિચારી આગળ વધી ગુજરાત તથા પુરા ભારતનું નામ રોશન કરે. ઉલ્લેખનીય છે કે આ વેબીનારમાં આઈ.આઈ.ટી ગાંધીનાગરના વિદ્યાર્થીઓ એ પણ ખૂબ ઉત્સાહભેર ભાગ લઈને આ વેબીનારને સફળ બનાવવામાં મદદ કરી હતી. વિદ્યાર્થીઓના જણાવ્યા અનુસાર એમને આ વેબીનાર થકી ખૂબ અગત્યની માહિતી પ્રાપ્ત થઈ હતી. ના ફક્ત સંરક્ષણ ક્ષેત્રના વિભાગો વિશે પણ આ દરેક વિભાગોમાં ટેકનિકલ એન્ટ્રી કે જેના વિષે એ લોકો આજદિન સુધી અજાણ હતા એવી પ્રવેશ માટે લેવામાં આવતી વિવિધ પ્રવેશ પરીક્ષાઓ જેવી કે ટી.જી.સી, સી.ડી.એસ , એન.ડી.એ , એ.એફ.સી.એ.ટી તથા સી.એ.પી.એફ જેવી પરીક્ષાની ખૂબ અગત્યની માહિતી પ્રાપ્ત થઈ હતી.

ગાંધીનગરની બીબીએ કૉલેજનાં ૨૫૩ વિદ્યાર્થીઓ વેલ્સપ્ન ઔદ્યોગિક ગૃહની ઓનલાઈન મુલાકાતે

આંતરરાષ્ટ્રીય સ્તરે કંપની ૫૦ દેશોમાં અંદાજિત ૨૬,૦૦૦ જેટલા વિશાળ સ્ટાફ સાથે વિસ્તરેલી કંપનીની મુલાકાત વિદ્યાર્થીઓ માટે અનેરો લહાવો

ગાંધીનગર, તા. ૧૬

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઓફ બિઝૂનેસ ઍડમિનીસ્ટ્રેશન (બીબીએ) દ્વારા ૨૫૩ વિદ્યાર્થીઓને ઔધોગીક મુલાકાત માટે કચ્છ જીલ્લાના SEZ અંજાર ખાતે આવેલ વિશ્વ વિખ્યાત પ્રતિષ્ઠિત વેલસ્પન કંપની ખાતે વર્ચ્યુયલ મુલાકાત ગોઠવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ટેક્સ્ટાઈલ ક્ષેત્રમાં મોખરાનું સ્થાન ધરાવે છે. મેનેજમેન્ટનાં વિદ્યાર્થીઓ ખાલી પુસ્તકીયુ જ્ઞાન મેળવે તો સમાજ અને ઉધોગ જગત તેનાથી લાભાન્વિત બની શકે નહી વિઝિટ દરમ્યાન વિદ્યાર્થીઓનેં ઉત્પાદનનાં વિવિધ તબક્કાઓ બાબતે સમજાવવામાં આવ્યા.કંપની તરફથી એચ. આર.વિભાગ ના હેડ આલોકકુમાર દ્વારા વિદ્યાર્થીઓને પ્રોડક્શન અને ઑપરેશન્સ બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. વિદ્યાર્થીઓ ને 'પ્લાન્ટ લે આઉટ' તેમજ ઉત્પાદનનાં વિવિધ તબક્કાઓ માં સંચાલન કેવીરિતે કરવુ તેમજ'પ્લાન્ટ લે આઉટ' ની ગોઠવણી કેવીરીતે કરવી તે બાબત સમજાવવા માં આવી હતી.પ્લાન્ટ અને પ્રોડક્શન પ્રક્રિયાથી વાકેફ થયા બાદ એક્સપોર્ટ ઈનપોર્ટ બાબતે પણ વિદ્યાર્થીઓ ને માર્ગદર્શિત કર્યા હતા.પ્રસુનકુમાર દ્વારા કંપની ના પ્લાન્ટ બાબતની માહિતી આપી હતી.તદઉપરાંત વિદ્યાર્થીઓ એ બીબીએનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ આ વિઝિટ દ્વારા પોતાના માં કૉર્પોરેટ સુસજ્જતા કેળવવા શુ કરવુ તેની સમજ આપી હતી જેનાથી વિદ્યાર્થીઓ માં સંતોષ ની લાગણી પ્રવર્તી હતી. કંપની CSR એક્ટિવિટી અંતર્ગત રાહતદર મુજબ વિશાળ કેન્ટીન ચલાવે છે. જયારે વેસ્ટ યુઝ બાબતે રિસાયકલ તેમજ રિયુઝ દ્વારા ગ્રીન ઈનીશેટીવ બાયોગેસનું ઉત્પાદન તેમજ ઉપયોગ દ્વારા પર્યાવરણની જાળવણી બાબતે જવાબદારી નિભાવી અન્યો ને પણ જાગૃત કરવાનું ઉમદા કાર્ય કરે છે.અત્રે ઉલ્લેખનીય છે કે એશિયા નો સૌથી મોટો ETP પ્લાન્ટ જ્યાં ૯૦ ટકા પાણી પુનઃ ઉપયોગ માં લેવામાં આવે છે. કચ્છની ભૌગોલિક પરિસ્થિતીને ધ્યાનમાં લઈ અહીં ૩૦૦ કરોડ લિટર વરસાદી પાણીના સંગ્રહ માટે અદ્‌ભૂત આયોજન કરવા માં આવેલ છે. સાથે સાથે કંપની દ્વારા ૨ શાળાઓ ચલાવવામાં આવે છે જે જેમાં અંદાજે ૧૩૦૦ વિદ્યાર્થીઓ શિક્ષણ લઈ રહ્યા છે. તેમજ અંહી મેડિકલ ફેસિલિટી માટે ડિવાઈન હોસ્પિટલ શરૂ કરવામાં આવેલ છે. જે ખૂબ ઉમદા કાર્ય કરી રહી છે.



જન્મદિને વધામણી

નિસર્ગ દર્પણ બુચ
મો. ૭૮૭૪૪ ૦૭૩૫૬

મિતાલી સાત્વિક ત્રિવેદી

કાનન પટેલ
લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીના

'વિજય રન' મેરેથોન દ્વારા જવાનોએ દેશવાસીઓને સ્વસ્થ રહેવાની પ્રેરણા આપી : રાજયપાલ

ગાંધીનગર, તા.૧૬

ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતે ભારતીય સેનાના કોણાર્ક કોર્પ્સ દ્વારા ગાંધીનગર ખાતે યોજાયેલી 'વિજય રન' મેરેથોનના વિજેતા દોડવીરોએ પુરસ્કાર અર્પણ કરતાં જણાવ્યું હતું કે આ મેરેથોન દ્વારા જવાનોએ દેશવાસીઓને સ્વસ્થ રહેવાની પ્રેરણા આપી છે. ભારતીય સેનાના કોણાર્ક કોર્સ દ્વારા ૧૫ મી જાન્યુઆરી 'સેના દિવસ'ની ઉજવણી તેમજ વર્ષ ૧૯૭૧ માં ભારતીય સેનાએ માત્ર ૧૪ દિવસના યુદ્ધમાં પાકિસ્તાન ઉપર મેળવેલા વિજયના સ્વર્ણિમ જયંતી વર્ષની ઉજવણીના ભાગરૂપે દેશભરમાં વિવિધ સ્થળે 'વિજય રન' મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેરેથોનના ભાગરૂપે ગાંધીનગર મિલીટરી સ્ટેશનમાં પરબત અલી બ્રિગેડ ખાતે યોજાયેલી મેરેથોન દોડમાં પ્રત્યક્ષરૂપે ૨૦૦ થી વધારે દોડવીરોએ ભાગ લીધો હતો. આ મેરેથોનના સમાપન સમારોહમાં રાજયપાલએ વિજેતાઓને પુરસ્કાર અર્પણ કર્યા હતા.

રાજયપાલશ્રીએ રાષ્ટ્રની સુરક્ષા માટે ત્યાગ, બલિદાન અને સમર્પણ સાથે ફરજ બજાવી રહેલા સેનાના બહાદૂર જવાનો પર દેશવાસીઓને ગર્વ અને સ્વાભિમાન છે તેમ પણ જણાવ્યું હતું અને સૈનિકોના પરિવારજનોના સમર્પણ અને ત્યાગને પણ બિરદાવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ભારતીય સેનાએ વર્ષ ૧૯૭૧ના પાકિસ્તાન સાથેના યુદ્ધમાં મેળવેલા ઐતિહાસિક વિજયની સુવર્ણ જયંતી વર્ષના ભાગરૂપે દેશભરમાં ૧૫ થી વધારી સ્થળ ઉપર પ્રત્યક્ષરૂપે 'વિજય રન' મેરેથોન સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં થલસેના, વાયુ સેના, બીએસએફ, તટરક્ષક દળ, પોલીસદળ સહિતના લગભગ ૫૦૦૦ જવાનોએ અને ઉત્સાહિત નાગરિકોએ 'સૈનિકો માટે દોડ, સૈનિકો સાથે દોડ'ની ભાવના સાથે સ્પર્ધામાં ભાગ લીધો હતો અને સશસ્ત્ર દળોના શૌર્ય, હિંમત અને રાષ્ટ્ર ભાવનાને બિરદાવ્યાં હતાં.

ગાંધીનગર સ્થિત મિલીટરી સ્ટેશનમાં પરબત અલી બ્રિગેડ ખાતે યોજાયેલી 'વિજય રન' મેરેથોનના વિજેતાઓને રાજયપાલના હસ્તે પુરસ્કાર અર્પણ કરાયા હતા. આ પ્રસંગે જવાનોએ મલખમના દાવ, ખુકરી નૃત્ય અને માર્શલ સંગીત સહિત માર્શલ આર્ટસનું પ્રદર્શન પણ કર્યું હતું. આ પ્રસંગે રાજયપાલે ટપાલ ટિકિટનું પણ વિમોચન કર્યું હતું.

એસ.વી. અને એસ.જી. અંગ્રેજી પ્રાથમિક શાળામાં ઓન લાઈન વિવિધ પ્રવૃત્તિઓ થઈ

ગાંધીનગર, તા. ૧૬

સર્વ વિધ્યાલય સંચાલિત એસ.વી. અને એસ.જી.,અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં રવિવારના રોજ ઓન લાઈન વિવિધ પ્રવૃત્તિઓ થઈ. ધોરણ ૧ થી ૪ના વિદ્યાર્થીઓ માટે પતંગ બનાવવાની પ્રવૃત્તિ થઈ અને ધોરણ પાંચના વિદ્યાર્થીઓએ ઊનમાંથી, ધોરણ ૬ના વિદ્યાર્થીઓ એ મોજામાંથી, ધોરણ ૭ના વિદ્યાર્થીઓએ સ્વેટરમાંથી અને ધોરણ-૮ના વિદ્યાર્થીઓ એ ઊન, મોજા અને સ્વેટરમાંથી વિવિધ વસ્તુઓ બનાવી આ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓએ આનંદથી ભાગ લીધો હતો.

જાયન્ટ્સ ગ્રૂપ ઓફ ગાંધીનગર મેઈન દ્વારા ધાબળા વિતરણ

ગાંધીનગર, તા. ૧૬

જાયન્ટ્સ ગ્રૂપ દ્વારા ગાંધીનગરના જુદા જુદા સેક્ટરોમાં જાહેર માર્ગની ફૂટપાટ પર ખુલ્લામાં સુઈ રહેલા ગરીબ મજૂરોને ગરમ ધાબણાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યમાં બ્રાન્ચ પ્રમુખ બી.એમ. પટેલ, ઉપપ્રમુખ, સાંકાભાઈ પટેલ, સેક્રેટરી નટુભાઈ પટેલ તથા વિકેશ પટેલ, પીંકલ પટેલ, નવિન પટેલ, ગીરીશ પટેલ, જય પટેલ વગેરે સંસ્થાના મિત્રોનો સહયોગ સાંપડ્યો હતો.

રાધે રાધે પરિવાર દ્વારા મકરસંક્રાંતિની પૂર્વસંધ્યાએ પ્રેરણાદાયી પ્રવૃત્તિ કરાઈ

ગાંધીનગર, તા. ૧૬

સુર્ય એક રાશીમાંથી બીજી રાશીમાં સ્થાનાંતર કરે તેને સંક્રાંતિ કહે છે અને સુર્ય ધનું રાશિ માંથી મકર રાશીમાં સ્થાનાંતર કરે છે ત્યારે મકરસંક્રાંતિ શરૂ થાય છે. પ્રાચીનકાળ થી સુર્ય ઉપાસના નું મહત્વ રહેલું છે. મકરસંક્રાંતિ ના દિવસથી ભગવાન સુર્ય પોતાનું તેજ વધારે છે અને પૃથ્વી નાં ઉત્તર ગોળાર્ધમાં પ્રવેશે છે. મકરસંક્રાંતિ માં ક્રાંતિ શબ્દ છે અને ક્રાંતિ શબ્દમાં પરિવર્તન રહેલું છે તેનો અર્થ હિંસા એવો પણ થાય છે. પરંતુ અહીં સંક્રાંતિ શબ્દ છે એટલે કે સમજદારી સાથેની ક્રાંતિ, મકરસંક્રાંતિ નું વિશેષ મહત્વ હોવાથી મહાભારતકાળમાં ભીષ્મે મકરસંક્રાંતિ માં જ દેહ છોડવાનું પસંદ કર્યુ હતું. ભારતીય પુરાણો મુજબ એક એવી પણ માન્યતા છે કે આ દિવસે કરવામાં આવેલ દાન દક્ષિણા થી ૧૦૦ ગણું ફળ મળે છે. એજ હેતુને ધ્યાનમાં રાખીને ગાંધીનગર ના રાધે રાધે પરીવાર દ્વારા મકર સંક્રાંતિના પર્વ પહેલાં દિવસોમાં ગાંધીનગરના તમામ સેક્ટર અને નવા સમાવેશ થયેલ વિસ્તારોમાં અલગ અલગ સેવાકીય કાર્ય એમ ૬ પ્રકારની પ્રવુતીઓ અને એમાં એક પ્રવૃતિ ને બે દિવસ ફાળવી અદભૂત રીતે પુર્ણ કરવામાં આવી.



જેમાં ૭૦ મણ ગાયમાતા ને ઘાસચારો, કુતરાઓને ૨૦૦૦ થી વધુ લાડવા, ૧૫ કીલો કીડી ને કીડીયારૂ, ૨૫૦ કીલો અબોલ પક્ષીઓને ચણ, ૬૫૦ જેટલા બિસ્કીટ અને ચોકલેટ, અને જરૂરીયાતમંદ લોકો માટે ઠંડી થી રક્ષણ માટે ૪૧૦ નંગ ધાબડા વિતરણ કરી મકરસંક્રાંતિ ના પર્વ ની સાચા અર્થમાં ઉજવણી કરી એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. અમુક પ્રવુતીઓ ગાંધીનગર ના વિશિષ્ટ વ્યક્તિ ના હસ્તે પણ શુભારંભ કરવામાં આવી હતી જેમાં સેક્ટર - ૨ સ્વામીનારાયણ મંદિર ના પી.પી. સ્વામી, ગાંધીનગર મહાનગરપાલિકા ના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા (જીગા બાપુ), મનીષભાઈ સોલંકી, મહામંત્રી શ્રી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ડો.હિમાંશુભાઈ પટેલ, અમારા ગુરુ અને પ્રોફેસર એવા ડો.ધર્મેન્દ્રભાઈ પટેલ સાહેબ ના હસ્તે અલગ અલગ પ્રવુતી નો આરંભ કરવામાં આવ્યો હતો. અમારે આ સમાજને એક સંદેશો આપવો છેકે બાળપણથી જ નાના બાળકોને દાનનો મહિમા સમજાય તે ખૂબ અગત્યનું છે. કારણકે આજના સમયમાં બીજા કરતાં કોઈપણ રીતે આગળ જવાની વ્રુતી, આપવાની જગ્યાએ મેળવી લેવાની કે બીજાનું છીનવી લેવાની માનસિકતા નાનપણથી જ મગજમાં ઘર કરી જતી હોય છે. સંસ્કાર, શિસ્ત, નૈતિક મૂલ્યો ભૂલાતા જાય છે. ઋષિમુનીઓ એ પણ કીધું છે કે માત્ર ને માત્ર એક યુવાવસ્થા એ અસલી જીવન છે માટે તેનું મહત્વ સમજીને તેને ગમે તેમ વેડફી દેવાય નહીં. ગાંધીનગર ની અલગ અલગ સંસ્થાઓ દ્વારા પક્ષી બચાવો અભિયાનના પ્રયાસો પણ હવે રંગ લાવ્યાં છે. અત્યંત હાનિકારક અને પ્રતિબંધિત વેરઝેર સ્વરૂપ સમાન ચાઈનીઝ દોરીનો ઉપયોગ ન કરવા યુવાધન પીછેહઠ કરતાં જોવા મળ્યું છે અને અન્ય લોકોને ચાઈનીઝ દોરીનો ઉપયોગ ન કરવાં સમજાવે છે. આમ અનેકવિધ બાબતોમાં બદલાવ આવતો થાય તો પશુ પક્ષીઓ અને માણસોમાં આનંદ - ઉજાસ જોવા મળશે તેમ ચોક્કસ કહી શકાય. સમગ્ર સેવાકીય પ્રવુતીઓ માં વિષ્ણુભાઈ પટેલ, અર્જુન બ્રિજનકુમાર પટેલ, સંગીતાબા સોલંકી, કૌશિક પ્રજાપતિ, તરલભાઈ લેઉઆ અને અન્ય રાધે-રાધે પરીવાર ના સાથી મિત્રોનો સાથ અને સહકારથી કરવામાં આવી હતી.

જય ગાયત્રી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આ વર્ષે પણ ઉતરાયણ દરમ્યાન તા. ૧૩ થી ૧૫ જાન્યુઆરીમાં પતંગ અને દોરીથી ઘવાયેલા પક્ષીઓને બચાવવા માટેનું અભિયાન કરવામાં આવ્યું જેમાં સરકારના કરુણા અભિયાન અંતર્ગત અને બર્ડફ્લુ ની સાવચેતી સાથે નિયમ અનુસાર પી.પી.ઈ.કીટ, ગ્લોવ્સ, માસ્ક પહેરી નિષ્ણાંત ડોક્ટરોની ટીમ તથા સ્વયં સેવકો ની મદદથી સફળ આયોજન થયું જેમાં ગત વર્ષની જેમ આવર્ષે પણ રાષ્ટ્રીય પક્ષી મોર, જે દોરીથી ફસાઈને ૧૫૦ ફૂટ ઊંડા કુવામાં પડી ગયેલ જે જય ગાયત્રી ચેરીટેબલ ટ્રસ્ટના સ્વયંસેવકોને ધ્યાને આવતા તરત જ ગાંધીનગર ફાયર રેસક્યું ટીમની મદદથી જીવના જોખમે રાષ્ટ્રીય પક્ષી મોરને બહાર કાઢી યોગ્ય સારવાર માટે જય ગાયત્રી ચેરીટેબલ ટ્રસ્ટના સારવાર કેન્દ્ર પર ઘવાયેલા રાષ્ટ્રીય પક્ષી મોરને મોકલવામાં આવ્યો. જે રાષ્ટ્રીય સેવા અને જીવ દયાનું ઉમદા ઉદાહરણ બન્યું. સારવાર બાદ રાષ્ટ્રીય પક્ષી મોરને નવું જીવન આપવામાં સફળ રહ્યા. જેમાં ગત વર્ષે પણ જય ગાયત્રી ચેરીટેબલ ટ્રસ્ટના સ્વયંસેવકો દ્વારા રાષ્ટ્રીય પક્ષી મોરને બચાવવામાં આવ્યો હતો.

એસ. કે. પટેલ કે.જી. સ્કૂલમાં 'ગ્રુપ પ્રેયર' યોજાઈ



ગાંધીનગર, તા. ૧૬

સર્વવિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.કે. પટેલ ઈંગ્લિશ મીડિયમ પ્રિ-પ્રાઈમરી સ્કૂલમાં ૧૨મી જાન્યુઆરીએ ઓનલાઈન કલાસમાં 'ગ્રુપ પ્રેયર' કરાવાઈ હતી.

સ્કૂલમાં ભૂતપૂર્વ ચેરમેન માણેકલાલ પટેલની પુણ્યતિથિ નિમિત્તે આ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શિક્ષકોઓ તથા બાળકોએ માણેક દાદાને શ્રદ્ધાંજલિ આપી હતી.

મકર સંક્રાંતિની પૂર્વસંધ્યાએ મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગર-હરિયાણા ઈકાઈ મંચ પર ઑનલાઈન કવિ સંમેલન

ગાંધીનગર,તા.૧૬

ગાંધીનગર સાહિત્ય સેવા સંસ્થાન ચેરીટ્રે બલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધીનગર - હરિયાણા ઈકાઈ મંચ પર મકર સંક્રાંતિની પૂર્વ સંધ્યાએ હિન્દીમાં ઑનલાઈન કવિ સંમેલન તારીખ ૧૩ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ બપોરે બે વાગ્યે આયોજિત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માં સરસ્વતી વંદના રાજસ્થાનના કવિ સંત દ્વારા કરવામાં આવી હતી આ કાર્યક્રમ નું સંચાલન જિકસ પરમાર રાજસ્થાન બાડમેર દ્વારા ખૂબ સુંદર રીતે કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે રાષ્ટ્રીય કવિ ડૉ સી એમ ગુપ્તા અટલ કે જેઓ વ્યવસાયે હાઈ કોર્ટ ના નોટરિ છે તેઓ સહિતય સંગમ સંસ્થાના અધ્યક્ષ છે તેઓને હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી બનારસી દાસ દ્વારા તેમજ અટલ બિહારી વાજપેયી દ્વારા સમ્માન પ્રાપ્ત થયેલ છે, વિશિષ્ટ અતિથિ તરીકે સામયિક પરિવેશ હિન્દી પત્રિકાના સહ સંપાદક છે, તેઓ ઝારખંડ થી છે. ભોજપુરીમાં પણ તેઓ ખૂબ સરસ કવિતા ઓ પ્રસ્તુત કરે છે. આ બંને અતિથિ ઓનું રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ માં કુલ ૫૯ કવિઓ એ હિસ્સો લઈ પોતાની કવિતા ઓ પ્રસ્તુત કરી હતી. આ કાર્યક્રમમાં હરિયાણા ઈકાઈ મંચના અધ્યક્ષ રાજેશ પુનિયા વિશ્વ બંધુ દ્વારા પણ મહેમાનોનું સન્માન કરવામાં આવ્યું હતું આભારવિધિ કાંતિભાઈ પટેલ એડવોકેટ ઈંડિયન લાયન્સ દ્વારા કરવામાં આવી હતી અને અંત માં રાષ્ટ્ર ગીત ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.